# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

#AmritMahotsav

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે
**ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

## અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૩૬/૨૦૨૧

**તા. ૦૪-૦૪-૨૦૨૧**

**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

## ૨૦૨૧ માટે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે આગાહીનો સારાંશ

- સમગ્ર દક્ષિણ પશ્ચિમ ચોમાસુ જૂન-સપ્ટેમ્બર સમયગાળા દરમિયાન લાંબા ગાળાના સરેરાશ મુજબ સામાન્ય (૯૬ થી ૧૦૪%) રહેવાની ધારણા છે.
- માત્રાત્મક રીતે, ચોમાસામાં મોસમી (જૂનથી સપ્ટેમ્બર) વરસાદ ±૫% મોડેલ ભૂલ સાથે લાંબા ગાળાના સરેરાશ નો ૯૮% હોઈ શકે છે. ૧૯૬૧-૨૦૧૦ ના સમયગાળા દરમિયાન સમગ્ર દેશમાં મોસમનો સરેરાશ ૮૮ સે.મી. (૩૪ ઇંચ) છે.
- હજુ એક વખત મેં મહિનાના છેલ્લા અઠવાડિયામાં ભારત મૌસમ વિભાગ દ્વારા બીજા ચરણની સુધારેલ આગાહી આપવામાં આવશે, જેમાં દેશના ચાર અલગ અલગ વિભાગમાં ચોમાસાની શું પરિસ્થિતિ રહેવાની છે તેની માહિતી આપવામાં આવશે.

## પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન

| અ. નં. | હવામાન પરિબળો | 28/04/2021 | 29/04/2021 | 30/04/2021 | 01/05/2021 | 02/05/2021 | 03/05/2021 | 04/05/2021 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 2.5 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 41.8 | 41.5 | 40.3 | 41 | 41.9 | 41.5 | 40.6 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 24.5 | 25.1 | 23.6 | 26.8 | 25.2 | 26.1 | 25.8 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 74 | 76 | 90 | 72 | 57 | 52 | 82 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 15 | 16 | 16 | 14 | 11 | 13 | 20 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 10.76 | 10.08 | 9.77 | 9.73 | 6.92 | 9.41 | 9.58 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | પશ્ચિમ-262 | નૈઋત્ય-237 | પશ્ચિમ-271 | પશ્ચિમ-281 | પશ્ચિમ-287 | નૈઋત્ય-298 | નૈઋત્ય-315 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 4 | 4 | 2 | 2 | 3 | 3 | 2 |

## અમરેલી જીલ્લાની તા. 05/05/2021 થી 09/05/2021 ની હવામાન આગાહી:

| અ. નં. | હવામાન પરિબળો | 05/05/2021 | 06/05/2021 | 07/05/2021 | 08/05/2021 | 09/05/2021 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 2 | 0 | 2 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 41 | 41 | 41 | 41 | 41 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 26 | 25 | 25 | 26 | 26 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 56 | 61 | 61 | 60 | 58 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 19 | 20 | 20 | 21 | 24 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 19.2 | 18.4 | 17.4 | 16.4 | 15.5 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | પશ્ચિમ-289 | પશ્ચિમ-292 | પશ્ચિમ-283 | પશ્ચિમ-283 | પશ્ચિમ-285 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 5 | 0 | 5 | 1 | 1 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

**હવામાન સારાંશ**

અમરેલી જીલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન હવામાન ગરમ, આંશિક ભેજવાળુ અને વાદળછાયુ રહેવાની શક્યતા છે તા. ૦૫ થી ૦૭ સુધી જીલ્લાના છૂટાછવાયા વિસ્તારો માં હળવા વરસાદી છાંટા પડવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાન ૨૫ થી ૨૬ °સે અને મહત્તમ તાપમાન ૪૧ °સે રહેવાની શક્યતા છે.

પવન મોટાભાગે પશ્ચિમ દિશામાંથી ૧૫ થી ૧૯ કીમી/કલાક ની ગતિના ઝાટકા સાથે ફૂંકાવાની શક્યતા છે.

આગોતરું અનુમાન: તા ૦૭ મે થી ૧૩ મે દરમિયાન માં સૌરાષ્ટ્ર અને કચ્છ મહત્તમ તાપમાન ૩૪ થી ૩૮ રહેવાની શક્યતા છે. વરસાદ પડવાની શક્યતા નહીવત છે.


**સામાન્ય કૃષિ સલાહ**


- ચોમાસું પાકોમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન માટે જમીનની ચકાસણી કરાવવી.
- દુધાળા પશુઓને ગરમીની ઋતુમાં મિનરલ મિશ્રણમાં પોટેશીયમ અને સોડિયમ વધારે આપવું જોઈએ.
- આગામી ૩ દિવસ માં હળવા વરસાદની શક્યતા રહેવાને લીધે કાપણી કરેલ ઉનાળુ પાકને ઢાંકવાની વ્યવસ્થા કરવી.
- ભવિષ્યમાં પવનને કારણે નુકસાન ના થાય તે માટે ખેતર ફરતે પવનરોધક વૃક્ષો જેવા કે નીલગીરી, સરુ વગેરે ઉગાડવા.

**SMS**



- દાણાની જુવાર માં દુધિયા દાણાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય ત્યારે પિયતની સગવડ હોય તો પૂરક પિયત આપવું.

### મહત્તમ તાપમાન અને વરસાદ માટેની ૪ અઠવાડિયાની આગાહી







## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| ચોમાસું પાકો | - | જમીન ચકાસણી | <br>આકૃતિ-૧ : ખેતરના વિસ્તાર મુજબ જમીનના નમૂના લેવાના સ્થળ નક્કી કરવા.<br><br>આકૃતિ-૨: જમીનનો નમૂનો લેવાની રીત<br>જમીન ચકાસણી એ ખેત આયોજનનું ખુબ મહત્વનું પાસું છે, પાકો વાવ્યા પહેલા પોતાની જમીનની જમીન ચકાસણી કરાવી.<br>• જમીનનો નમુનો લેવા માટે જમીન પર કોદાળી કે ખુરપીથી V આકારનો ૨૫ સેમી ઊંડો ખાડો કરવો. ખાડાની એક બાજુએથી ૨ થી ૩ સેમી જાડાઈનો થર આકૃતિ ૨ મુજબ નમુના માટે લેવો, આ રીતે ૮ થી ૧૦ જગ્યાએથી પ્રતિ હેક્ટર માટી લઇ બરાબર મિશ્ર કરી એક કિલોગ્રામ માટી ચકાસણી માટે તૈયાર કરવી, અને નજીકની જમીન ચકાસણી પ્રયોગશાળામાં આપવા. |
| સરગવો | શીંગો પૂરી થવી | છટણી | • સરગવાની શીંગો પૂરી થયા બાદ કે મે-જૂનમાં ૩૦-૪૫ સે. મી. ટોચની ડાળીઓ કાપવી. સરગવાના વૃક્ષો પ્રુનિંગ કરી (૨ મીટર ઊંચાઇ) ઠીંગણા રાખવા જેથી શીંગો ઉતારવામાં અને અન્ય ખેતી કાર્યોની સરળતા રહે. |
| મરચા | વૃધ્ધિ | સૂક્ષ્મ તત્વનું નિયમન | • મરચીના પાકમાં વારંવાર જસત અને લોહતત્વની ઉણપ જણાતી હોય છે. તે માટે ઝિંક સલ્ફેટ ફેરસ સલ્ફેટ અને બોરેક્ષનો છંટકાવ કરવો. |
| | | વીણી | • રોપણી બાદ ૬૫ થી ૭૫ દિવસ પછી લીલા મરચાની વીણી શરુ થાય છે. લીલા મરચા માટે ૨૦ થી ૨૨ દિવસના સમયાંતરે વીણી કરવી. |
| | | થ્રીપ્સ | • ફેર રોપણી બાદ ૧૫ દિવસે કાર્બોફ્યુરાન ૩જી ૧૭ કિ.ગ્રા./ હેક્ટર પ્રમાણે આપવી ૩૦ દિવસે ટ્રાયઝોફોસ ૪૦ ઇ.સી. ૧૦ મી.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી ૧૦ થી ૧૫ દિવસના સમયગાળે વારાફરતી છંટકાવ કરવો. |
| | | કાલવર્ણ | • રોગ જણાય તો મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ  અથવા ક્લોરોથેલોનીલ ૭૫ વેપા ૨૭ ગ્રામ અથવા કર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગળી જરૂરીયાત મુજબ પાનની ઉપર તેમજ નીચેના ભાગે છંટકાવ કરવો. |
| કપાસ | પૂર્વ તૈયારી | જમીન વ્યવસ્થાપન | • જમીનને ખેડ કરી સમતલ બનાવો ઢાળ ઓછો કરો અને આ માસમાં છાણીયું (કમ્પોસ્ટ) ખાતર ચાસમાં ભરી દેવું.<br>• કપાસનું આગોતરું વાવેતર કરવું નહિ. તેમજ વાવેતર પહેલાં જમીનની |

| | | | |
|---|---|---|---|
| | | | ચકાસણી કરાવો. |
| | | **ગુલાબી ઈયળ** | • ઉનાળામાં ઊંડી ખેડ કરવી<br>• સમયસર કપાસ વીણી લઇ તેમાં ઘેટા-બકરાં અને ઢોરને ચરાવવા<br>• કરાંઠીઓને ફૂંકણીનો ઉપયોગ કરી ભૂકો બનાવી સેન્દ્રિય ખાતર બનાવવામાં ઉપયોગ કરવો<br>• ખેતર અને તેની આસપાસમાં ઊભેલા કપાસના છોડ એકત્ર કરી નાશ કરવો.<br>• જીનીંગ મીલની અંદર અને બહારથી નકામા કચરાનો યોગ્ય રીતે નાશ કરવો. |
| **તલ (ઉનાળુ)** | **વૃદ્ધિ થી ફૂલ** | **પિયત** | • તલના પાકને બીજા પિયત વખતે પાણી ઓછુ આપવું, આ સમયે તલના છોડ નાના હોય છે. અને વધુ પાણીના લીધે છોડ બળી જવાની શક્યતા રહે છે.<br>• પ્રથમ પિયત વાવેતર બાદ તુરંત અને વાવેતરના છ દિવસ બાદ બીજુ પિયત આપવું.<br>• કુલ ૮ થી ૧૦ પિયત પાકની વૃદ્ધિની અવસ્થા, જમીનની પરત અને હવામાન પરિસ્થિતિ મુજબ ૮ થી ૧૦ દિવસના અંતરે આપવા. |
| | | **પર્ણગુચ્છ** | • રોગની અસરવાળા પાન કીનારી નીચેની બાજુ ઢળી જઇ કોકડાઇ જાય છે. જેથી તેને પાનનો કોકડવા પણ કહે છે. ફલ બેસવા સમયે ફૂલનું પાનમાં રૂપાંતર થઇ જવાના કારણે પાનનો ગુચ્છ બને છે. જેથી બૌઢા બેસતા નથી. આ રોગ લીલા તડતડીયા ફેલાતો હોય છે. તેના નિયંત્રણ માટે કોસ્ફામીડોન ૩ મી.લી.અથવા ડાયમીથોએટ ૧૦ મી.લી. પ્રતિ ૧૦ લીટરમાં પાણીમાં નાખી છંટકાવ કરવો. રોગીષ્ટ છોડને ઉપાડી નાશ કરવો. |
| | **ફૂલ અવસ્થા થી બૈઢા** | **મોલો-મશી અને સફેદ માખી** | • લીંબોળીના મીંજનો ભૂકો ૫૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૧૦ મીલી (૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | | | • ઉનાળુ તલ પણ તેમજ ઘાટા પીળા પડી જાય પછી કાપણી કરી, ઉભડા કરવા તે પછી સુકાઇ જાય પછી ખેરી તલનું ગ્રેડીંગ કરી કોથળા ભરી લેવા. |
| **તરબૂચ** | **વૃદ્ધિ, ફળનો વિકાસ** | **પાક સંરક્ષણ** | • મોલો મશીના નિયંત્રણ માટે ૧૦ થી ૧૫ યલો સ્ટીકી ટ્રેપ (પીળા ચીકણા પિંજર) લગાડવા. |
| | | **કેળવણી** | વેલાની વૃદ્ધિ નીકળી એક જ બાજુએ થાય એ માટે શરૂઆત થી જ દરેક વેલાને કેળવવા. આમ કરવાથી નીકમા પિયત સહેલાઈથી આપી શકાય છે. અને ફક્ત નીકમા જ પિયત આપવાથી ફળને વધુ ભેજથી થતું નુકશાનથી બચાવી શકાય છે. |
| **મગ-અડદ (ઉનાળુ)** | **વૃદ્ધિ** | **પાક સંરક્ષણ** | • અડદનાં પાનના ટપકાના રોગના અસરકારક અને અર્થક્ષમ નિયત્રણ માટે રોગથી શરૂઆત હેક્ઝાકોનાઝોલ ૦.૦૦૫% (૧૦ લિટર પાણીમાં ૧૦ મિલી) ના ત્રણ છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા.<br>• સફેદ માખી અને લીલા તડતડીયાના નિયંત્રણ માટે ગલગોટાનું વાવેતર કરવું.<br>• આ જીવાતો છોડમાંથી રસ ચૂસીને નુકસાન કરતી હોવાથી તેની નિયંત્રણ માટે શોષક, પ્રકારની જંતુનાશક દવા જેવી કે ડાયમીથોએટ ૩૦% ઇસી ૩૦ મિલી અથવા ફોસ્ફામીડોન અથવા મીથાઇલ ઓ ડીમેટોન ૪૦% ૧૦ મિલી |

| | | | |
|---|---|---|---|
| | | | પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| | | **મોલોમશી, તડતડીયા અને સફેદ માખી** | • લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૧૦ મીલી (૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | **કાપણી** | | • મગની શીંગોની કાપણી વહેલી સવારે કરવી. |
| **જુવાર** | **પિયત** | | • દાણાની જુવાર માં દુધિયા દાણાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય ત્યારે પિયતની સગવડ હોય તો પૂરક પિયત આપવું. |
| **બાજરી (ઉનાળુ)** | **થૂલી અવસ્થા- દાણા ભરાવાની અવસ્થા** | **પિયત** | • બાજરી પાક ને ફૂલ અવસ્થાએ અવશ્યક પિયત આપવું .<br>• સામાન્ય રીતે ગોરાળુ જમીનમાં બાજરીના પાકને ૬ થી ૭ પિયત ૧૨ થી ૧૫ દિવસના અંતરે આપવા.<br>• પિયતની કટોકટી અવસ્થાઓ: અંકુર અવસ્થાઓ(૩-૫ દિવસ), ફૂટ અવસ્થા(૨૧-૩૫ દિવસ), નીઘલ અવસ્થા(૪૫-૬૫ દિવસ), થૂલી અવસ્થા(૫૫-૭૫ દિવસ) અને દાણા ભરાવવાની અવસ્થા(૭૦-૯૦ દિવસ) |
| | | **લીલી ઈયળ** | • બાજરીમાં લીલી ઇયળના નિયંત્રણ માટે ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ અથવા બ્યુવેરીયા બેસીયાના ફૂગનો પાઉડર ૬૦ ગ્રામ અથવા **HaNPV** ૨૫૦ ઈયળ એકમ ૧૦ મીલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | | **કુતુલ / તળછારો** | • ઉભા પાકમાં રોગ જણાય તો મેટાલેક્ષીલ એમઝેડ ૧૫ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં ઓગળી છંટકાવ કરવો. રોગીસ્ટ છોડનો નાશ કરવો. |
| | | | • બાજરીનાં ડુંડાને દબાવાથી દાણા છુટા પડે ત્યારે લણવા. |
| **આંબો**  | **ખાખડી થી પરિપક્વ ફળ** | **આચ્છાદન/ આવરણ/ મલ્ચીંગ/ લીલો પડવાશ**  | • ઝાડ ઉપર કેરી હોય ત્યારે ખુલ્લી જમીનનો તડકો ન લાગે તે માટે કંઈ આચ્છાદન કરવું અથવા મગ/ગુવાર/શણ ઉગાડી આંબાવાડીયામાં ભેજ જાળવવો અને કેરી પાક પુરો થયા બાદ તેનો લીલો પડવાશ કરી નાખવો જેથી કેરીમાં કપાસીનો (સ્પોન્જી ટિશ્યૂ) રોગ નિવારી શકાય અને અન્ય કેરીમાં ફળ ઉપર સૂર્ય ગરમીથી પડતા ડાઘા અટકાવી શકાય. |
| | | **ભૂકિ છારો** | • ફૂલો દરમિયાન ભૂકી છારાના નિયંત્રણ માટે વેટેબલ સલ્ફર ૮૦ ટકા દવાનો ૧૦૦ લિટર પાણીમા ૨૫૦ ગ્રામ ભેળવીને છંટકાવ કરવો. |
| | | **કેરી ઉતારવી** | • કેરી ઉતરતા પહેલા ૧૫ દિવસે ૧૦૦ લીટર પાણીમા ૫૦૦ ગ્રામ કેલ્શિયમ ક્લોરાઇડનો છંટકાવ કરવાથી બગાડ અટકાવી શકાય<br>• પરિપક્વ કેરી ૧ સે.મી. લંબાઈદાર ડીંટા સાથે પ્લાસ્ટીકના કેરેટમાં ઉતારવી. કેરીને તરત છાંયડે લઇ જવી. કદ, રંગ અને પરિપક્વતા પ્રમાણે વર્ગીકરણ કરી એક ઘરમાં ઉંધી હારમાં પાથરતા ક્ષીર સુકાઈ જાય છે. |
| **શેરડી** | **પાક સંરક્ષણ** | | • શેરડીમાં તડતડીયા અને સફેદ માખીના નિયત્રણ માટે લીબોળી માંથી બનાવેલ ૫% દ્રાવણ ૫૦૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો. |
| **દાડમ** | | | • દાડમની ખેતીમાં ગાઠયા કૃમિનું નિયત્રણ માટે દાડમની ખેતી કરતા ખેડૂતોને ગાંઠયા કૃમિના અસરકારક અને અર્થક્ષમ નિયત્રણ માટે |

| | | | |
|---|---|---|---|
| | | | પેસીલીયોમાયસીસ લીલાસીનસ (૨*૧૦ બીજાણું/ગ્રામ) ૨૦ કિ.ગ્રા/હે+ દિવેલી ખોળ ૨ ટન/હે. ચોમાસાની શરૂઆતમા અને ત્યારબાદ દર ૬ માસના આંતરે થડથી ૧૨ થી ૧૮ ઇંચ દુર તથા આશરે ૯ ઇંચ ઊંડી રીંગ કરીને જમીનમાં મૂળની નજીક આપવાની ભલામણ કરવામાં આવે છે. |
| કેળા | | | • કેળાની ખેતી કરતા ખેડૂતોને પ્રતિ હેક્ટર વધારેમાં વધારે ઉત્પાદન તેમજ આવક મેળવવા માટે "કેળની ગણદેવી સિલેકશન" જાત વાવવાની ભલામણ કરવામાં આવે છે. |
| લીંબુ  | ફળ અવસ્થા/ ફૂલ અવસ્થા | બળિયા ટપકા  | • બળિયા ટપકા ના નિયંત્રણ માટે નવેમ્બર-ડિસેમ્બર, ફેબ્રુઆરી-માર્ચ, જુન અને જુલાઇ-ઓગસ્ટ માં એમ કુલ ચાર વખત ૧૦:૦૫:૧૦૦ ના પ્રમાણ વાળું બોર્ડો મિશ્રણ અથવા તાંબા યુક્ત દવાનો છંટકાવ કરવો. |
| | | ફળ ખરી જવા | • લીંબુ ના ફળો બેસી ગયા બાદ ૨% યુરિયા સાથે ૨૦ **ppm** **NAA** ના ૧-૨ છંટકાવ કરવાથી ફળ નું ખરણ ઘટે છે અને ફળ ના કાળ અને વજન માં વધારો થાય છે. |
| | | ગુંદરિયો | • જમીનને અડકતી ડાળીઓની છટણી કરી બાળી નાખવી.<br>• થડને પાણીનો સીધો સંપર્ક ન થાય તે માટે થડ પર બોર્ડો પેસ્ટ (મોરથુથુ ૧ કિ.ગ્રા., કળીયૂનો ૧ કિ.ગ્રા. ૧૦ લિટર પાણીમાં ) લગાવી થડની ફરતે માટી ચડાવવી.<br>• અસરગ્રસ્ત ઝાડના થડ ફરતે મેટાલેક્ષિલ એમઝેડ ૭૨ વેપા (૨૫ ગ્રામ/૧૦ લિટર) નુ ડ્રેચીંગ કરવું. |
| | | સાયલા  અને થ્રીપ્સ | • ઉપદ્રવિત અને સુકી ડાળીઓ કાપતા રેહવું.<br>• ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ અથવા લીમડા / નફટટીયાના પાન ૧ કિલોગ્રામ અથવા લીમડા આધારિત તૈયાર કરેલ કીટનાશક ૫ ઈસી – ૧૦ મી.લી. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| મગફળી (ઉનાળુ)  | ફૂલ અવસ્થા | પિયત | • બીજુ પિયત ૨૦ થી ૨૫ દિવસે છોડ ઉપર ફૂલ દેખાય ત્યારે આપવું, અને ત્રીજુ પિયત ૩૦ થી ૩૫ દિવસે સુયા બેસતી વખતે આપવુ. |
| | | | • જમીનમાં ભેજ હોય ત્યારે ઉનાળુ મગફળીને ઉપાડી ઢગલા અઠવાડીયું સુકાયા બાદ, પાથરા ફેરવી, ડોડવામાં ૮ ટકા ભેજ હોય ત્યારે થ્રેસિંગ કરવું. |
| રીંગણ  ટામેટા  | ફળનો વિકાસ | સફેદ માખી | • રીંગણી અને ટામેટીમાં સફેદ માખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ડાયફેન્થાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિ.લી. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ | • ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી અથવા ડીડીવીપી ૭૬ ઈસી ૫ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | પાન કથીરી | • રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો ઈથીઓન ૫૦ ટકા ઇસી ૧૫ મિલી અથવા પ્રોપરગાઈટ ૫૭ ઇ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | લઘુપર્ણ | • રોગ તડતડીયાંથી ફેલાતો હોવાથી રોપણી પછી ૧૦ થી ૧૫ દિવસે કાર્બોફ્યૂરાન ૩ જી ૧ કિ.ગ્રા. સ.તત્વ/હે. પ્રમાણે છોડની ફરતે રીંગ પદ્ધતિથી આપવું અને ૧૦ થી ૧૨ દિવસના અંતરે ડાયમીથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા થાયોમેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળીને વારાફરતી જરૂર પ્રમાણે |

| | | |
|---|---|---|
| | | છંટકાવ કરવો. |
| | | • શાકભાજીના તૈયાર થયેલી ધરૂઓની ફેર રોપણી ભલામણ મુજબના રાસાયણિક ખાતરો આપવા.<br>• જુદા જુદા પાકો જેવા કે શાકભાજી, કપાસ, ડાંગર, શેરડી વગેરે માટે નોવેલ પ્રવાહી ખાતર આપવાથી ઉત્પાદનમાં વધારો થાય છે. |
| **પશુપાલન**<br> | | • મે માસના અંતમાં ગળસુંઢો તથા ગાંઠીયા તાવની રસી મુકાવવી.<br>• બચ્ચાઓ કે જેની ઉમર આશરે છ માસની આસપાસ હોય તથા અન્ય પુખ્ત જાનવરોમાં કૃમિનાશક દવાનો ડોઝ આપવો.<br>• ગાયોમાં બાયપાસ પ્રોટીન આપવાથી દુધ ઉત્પાદન ક્ષમતામાં તેમજ ફેટમાં વધારો જોવા મળે છે.<br>• ગરમીની ઋતુમાં મિનરલ મિશ્રણમાં પોટેશીયમ અને સોડિયમ વધારે આપવું જોઇએ. |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના હવામાન આધારિત કૃષિ સલાહ અંગેના તાલુકા મુજબના વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે તમારા તાલુકા પર ક્લિક કરો.



# District Agrometeorological Unit (DAMU)
## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122

आजादी का अमृत महोत्सव

**#AmritMahotsav**

**Join our Telegram channel and Block wise WhatsApp groups**

**Amreli District Agromet Advisory Service bulletin. No. 36 (2021)**

**Date: 04-04-2021**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

## Summary of the Forecast for the 2021 southwest monsoon Rainfall

a) Southwest monsoon seasonal (June to September) rainfall over the country as a whole is most likely to be normal (96 to 104 % of Long Period Average (LPA)).

b) Quantitatively, the monsoon seasonal (June to September) rainfall is likely to be 98% of the Long Period Average (LPA) with a model error of ± 5%. The LPA of the season rainfall over the country as a whole for the period 1961-2010 is 88 cm.

IMD will issue the updated forecasts in the last week of May 2021. In addition to update for the April forecast, forecasts for monsoon season (June September) rainfall for four homogenous regions and forecast for the month of June also will be issued.

**Significant weather of past week, Amreli**

| No. | Parameter | 28/04/2021 | 29/04/2021 | 30/04/2021 | 01/05/2021 | 02/05/2021 | 03/05/2021 | 04/05/2021 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 2.5 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 41.8 | 41.5 | 40.3 | 41 | 41.9 | 41.5 | 40.6 |
| 3 | Min.Temp.(°C) | 24.5 | 25.1 | 23.6 | 26.8 | 25.2 | 26.1 | 25.8 |
| 4 | RH-I (%) | 74 | 76 | 90 | 72 | 57 | 52 | 82 |
| 5 | RH-II (%) | 15 | 16 | 16 | 14 | 11 | 13 | 20 |
| 6 | Wind Speed (kmph) | 10.76 | 10.08 | 9.77 | 9.73 | 6.92 | 9.41 | 9.58 |
| 7 | Wind Direction(deg.) | W-262 | SW-237 | W-271 | W-281 | W-287 | NW-298 | NW-315 |
| 8 | Total CC (octa) out of 8 | 4 | 4 | 2 | 2 | 3 | 3 | 2 |

Weather Forecast from 05/05/2021 to 09/05/2021

| No. | Parameter | 05/05/2021 | 06/05/2021 | 07/05/2021 | 08/05/2021 | 09/05/2021 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 2 | 0 | 2 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 41 | 41 | 41 | 41 | 41 |
| 3 | Min.Temp.(°C) | 26 | 25 | 25 | 26 | 26 |
| 4 | RH-I (%) | 56 | 61 | 61 | 60 | 58 |
| 5 | RH-II (%) | 19 | 20 | 20 | 21 | 24 |
| 6 | Wind Speed (kmph) | 19.2 | 18.4 | 17.4 | 16.4 | 15.5 |
| 7 | Wind Direction(deg.) | W-289 | W-292 | W-283 | W-283 | W-285 |
| 8 | Total CC (octa) out of 8 | 5 | 0 | 5 | 1 | 1 |

**Note: Above forecast is the average situation of whole district**

## Agro-Advisory

**Weather Summery**

- The weather in Amreli District is likely to be warm, slightly humid, and cloudy weather forecasted, and the scattered to fairly widespread light Rainfall likely over many places of the district from 05th to 07th May. The minimum temperature is expected to be 25-26 °C. The maximum temperature is expected to be 41 ° C.
- Wind speed expected mostly from W with gusts of 15 to 19 km/h.


**Extended Range Forecast:** There is very less probability of rainfall in Saurashtra and Kutch region from 7th to 13th 2021.


**General Advisory**



- Do soil testing for the Integrate nutrient management in Kharif crops.
- Give more potassium & sodium in mineral mixture to animals during summer season.
- Due to the possibility of light rain in the next 5 days to cover the harvested summer crop.
- Plantation and grow windbreaks trees on border to prevent loss by the high winds

**SMS Advisory:**

- In Fodder grain if there is a shortage of moisture in the case of milky grains, supplementary irrigation should be given.



| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| Kharif Crops | - | Soil Testing |  <br>આકૃતિ-૧ : ખેતરના વિસ્તાર મુજબ જમીનના નમૂના લેવાના સ્થળ નક્કી કરવા.<br> <br>આકૃતિ-૨: જમીનનો નમૂનો લેવાની રીત<br>• Make 25 cm of V shape in soil by farm implement, take 2 to 3 cm of layer from the deep soil. Take this type of sample from 8 to 10 spot from 1 hectare in reference to figure-1 and well mixed it and use 1 kg soil for the soil testing. |
| **Drumstick** | **After Harvest** | **Prunning** | • Pruning to be done from 30 to 45 cm of top branches after completion of harvesting in drumstick in May-June. Pruning of drumstick trees (2 m height) to keep them small so as to facilitate harvesting of pods and other farming activities. |
| **Chili** | **Vegetative Phase** | **Micro nutrient management** | • The deficiency of zinc and iron prevailing frequantly in chili. Apply zinc sulphate and ferous salphate if there observed the same. |
| | | **Picking** | • Picking of green chili fruits at 65 to 75 days ater transplanting.<br>• Do picking at 20 to 22 days at intervels. |
| | | **thrips** | • Apply spray of carbofuran 3G @ 17 kg/h at 15 days after transplanting also apply Triazophos 40 EC @ 10 g/10 l water 30 days after transplanting at 10 to 15 days of interval. |
| | | **Anthracnose** | • If there is disease observed, then spray mancozeb 75 WP @ 27 g OR Chlorothelonil 75 WP @ 27 g OR Carbendazim 50 WP @ 10g / 10 liter of water on top and bottoms of the leaves |
| **Cotton** | **Mitigation** | Land Preparation | • Plough the land and level it. Reduce the slope.<br>• Apply compost in the furrow in this month. |
| | | Pink bollworm | • Timely picking of the cotton and after that graze sheep, goats and cattle in cotton field.<br>• Make organic fertilizer of stalk of the cotton<br>• Remove and destroy the undesired plants of cotton in and around the field. |
| **Sesame** | Vegetative | Irrigation | • Apply 2nd Irrigation as a light irrigation, at this time |

| | | | |
|---|---|---|---|
| **(Summer)** | Stage to Flowering | | plants have very less height and it may be died due to water lagging.<br>• The second irrigation should be given immediately after sowing and the second irrigation should be given six days after sowing.<br>• Apply total of 8 to 10 irrigation at intervals of 8 to 10 days depending on the growth stage, type of soil and weather conditions. |
| | | Phyllody | • The diseased leaf bends downwards and becomes Curled. So it is also called a leaf curl. The bunch of leaves is formed as the flower transforms into a leaf at the time of flowering. So that the flower do not set. The disease is spread by jassids. Apply phosphamidon 3 ml or dimethoate 10 ml in 10 litres of water for its control. Collect and destroy infected plants. |
| | Flowering to Capsule | Aphid and Whitefly | • Spray Neem seed kernel Extract 5 EC @ 10 ml / 10 liter of water. |
| | | | • Summer sesame is harvested after the leaves turned yellow, to stand out after it dries, grading the sesame seeds and fill the bags. |
| **Watermelone** | Fruit development | Pruning | • Excepting one main branch and two sub branches the pruning should be done of remaining branches of vine.<br>• If their volume of the fruit is important than the number of fruits. Thinning of the fruits should be done when fruit are in small size |
| | | Training | • Training is the important practiced to grow the vine of watermelon in one side. So farmers can irrigate easily in farrow and fruits can be prevent from the loss of excessive moisture. |
| **Green gram Black gram** | Germination | Crop protection | • For effective and efficient control of leaf spot disease, three sprays of Hexaconazole 0.005% (10 ml in 10 liter of water) should be sprayed at an interval of 15 days.<br>• Growing intercrops such as marigold for the control of blister beetle, whitefly and leaf hoppers.<br>• Apply systemic insecticides like Dimethoate 0.03% or Phosphamidon or Methyl-O-Dimeton 0.04% in water for control. |
| | | Aphid and Whitefly | • Spray Neem seed kernel Extract 5 EC @ 10 ml / 10 liter of water. |
| | Harvesting | | • Picking pods early in the morning. |

| | | | |
|---|---|---|---|
| **Sorghum** | Irrigation | | • In Fodder grain if there is a shortage of moisture in the case of milky grains, supplementary irrigation should be given. |
| **Pearl Millet** | Boot stage to grain filling stage | Irrigation | • Apply supplementary irrigation to crop at flowering stage.<br>• Apply 6 to 7 irrigation generally in sandy loam soil at 12 to 15 days of intervals.<br>• Critical Stages for the irrigation: Germination stage (3-5 days), Tillering stage (21-35 days), Boot leaf stage (45-65 days), Flowering stage (55-75 days) and Grain filling stage (70-90 days). |
| | | Heliothis | • Apply Spray of Neem seed Kernal powder @ 500 g OR Beauveria Bassiana @ 60 g OR HaNPV 250 LI @ 10 ml in 10 litres of water at the initial condition of pest. |
| | | Downy mildew | • Apply Spray of metalaxyl MZ @ 15 g / 10 liter water. |
| | | | • Harvesting the crop when the seeds are released by pressing the earheads. |
| **Mango** | | Green manuring/ Spongy tissue /Mulching  | • Cover the open ground or sowing Green gram/cluster bean / sunn-hemp to maintain moisture in the soil of mango orchard and use it as in-situ green manuring after completion of mango crop when there is Fruit on the tree to prevent sponge tissue disease. And in other mangoes, the stains from the sun heat on the fruit can be prevented. |
| | | Powdery mildew | • Apply spray of wettable sulphur @ 250g/100 L water to control powdery mildew during flowering. |
| | | Harvesting | • Apply Spray of $CaCl_2$ before 15 days of Harvesting of fruits to prevent diseases in mangos.<br>• Harvest the Matured Mango with 1 cm of fruit stalk in plastic crates. Keep harvested Mango in shade Grading of fruits according to size, colour and maturity and then arrange the fruit in inverse position to dry out the sap of fruit stalk |
| **Sugarcane** | | | • To control aphids and whiteflies in sugarcane, spray 5% solution made from Neem seed @ 500 g of 10 liters of water. |
| **Pomegranate** | | | • For effective and efficient control of nematodes, it is recommended to make a ring 12 to 18 inches away from the trunk and about 9 inches deep near the roots in the soil and apply Paecilomyces lilacinus 20 kg/ha at the |

| | | | |
|---|---|---|---|
| | | | beginning of monsoon and thereafter at intervals of every 6 months. |
| **Banana** | | | • Farmers cultivating bananas are recommended to cultivate "Ganadevi Selection of Banana" variety to get maximum yield and income per hectare. |
| **Lime**<br> | Fruiting | Citrus Canker<br> | • Apply four spray of Bordeaux mixture or copper-based fungicide in November, February, June and July for the control of the citrus canker. |
| | | Fruit dropping | • Apply urea 2% with NAA 2 ppm during fruiting to decrease the quantity of fruit dropping. |
| | | Gummosis | • Pruning of branches attached to soil.<br>• Paste Bordeaux mixture on bark of the tree.<br>• Drenching of metalaxyl MZ 72 WP @ 25 g/ 10 l water around bark of the tree |
| | | Psylla<br><br>& thrips | • Remove and destroy infected trunks.<br>• Apply to Spray neem seed kernel powder @ 500 g OR leaves of Neem OR Beauveria @ 1 kg OR Neem based insecticide 5 EC @ 10 ml in 10 litres of water at the initial stage of infection. |
| **Groundnut Summer**<br> | Flowering | Irrigation | • The second irrigation should be given on 20 to 25 days at the time of the initiation of flowering, and the third irrigation should be given on 30 to 35 days at pegging stage. |
| | | | • pull out the summer groundnuts When the soil is moist after the heaps have dried for a week, turn the beds, and threshing when there is 8% moisture in the soil. |
| **Brinjal**<br><br>**&**<br>**Tomato**<br> | Fruit Development | Sucking pest | • For minimize population of whitefly, Spray 500 ml of 5 % neem seed extract or neem oil 50 ml or Difenthiuron 50 WP @ 16 gm / 10 lit of water. |
| | Fruit Development | Shoot & Fruit borer | • In brinjal and tomato crops, monitoring of borers by using pheromone traps 4-6 per acre is advised. For control of shoot and fruit borer in brinjal and tomato crops, infested fruits and shoots should be collected and buried into the soil. If insect population is above ETL then spraying of chlorantraniliprole18.5 % SC 3.0 ml or DDVP @ 7 ml/10 litre of water is advised. |
| | | Mites | • If infestation of mite is observed in brinjal, then spraying of Ethion 50 EC 15 ml or Propargite 57 % EC @ 10 ml/ 10 litres of water. |

| | | |
|---|---|---|
| | Little leaf | • Apply Carbofuran 3g @ 1 kg a.i./ha around the plant by ring method due to the disease is transmitted through jassids. Also, apply a spray of dimethoate 30 EC @ 10 ml or thiamethoxam 25 WG @ 4 gm at 10 to 12 days of intervals. |
| | | • Transplanting of seedlings of vegetables to give recommended chemical fertilizers.<br>• Applying novel liquid fertilizer for different crops like vegetables, cotton, paddy, sugarcane etc. increases the production. |
| **Livestock**  | | • Vaccination against HS and BQ disease at the end of May.<br>• Deworming should be given to chicks around 6 months of age and other adult animals.<br>• Give bypass protein to cow to increase the milk production and fat.<br>• Give more potassium & sodium in mineral mixture during summer season. |

**Subject Matter Specialist**
**Agrometeorology**